## હરિની દ્રષ્ટિ...
- હરિન ભટ્ટ




કોરોનાની નવી લહેર ભલે આવે...પણ માસ્ક નવા નથી લેવાના... જુના મે સાચવી રાખ્યા છે...!!

# શેરથા ટોલટેક્ષ પાસે ગાડીમાંથી ૯૦૦ લીટર દેશી દારૂ એલસીબી-૨ એ ઝડપી પાડ્યો

### પોલીસે દારૂ, ગાડી, મોબાઈલ, મળી કુલ રૂ.૩.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



ગાંધીનગર, તા.૧૭

અડાલજ નજીક શેરથા ટોલટેક્ષ પાસેથી નિશાન ટેરેનો ગાડીમાંથી એલસીબી પોલીસે ૯૦૦ લીટર દેશીદારુનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે દારુ, ગાડી, મોબાઈલ મળી કુલ રૂ.૩.૨૦ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સને પકડી પાડી પ્રોહિએકટ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ જવાનો વિવિધ ટીમો બનાવી સ્ટાફના જવાનો જિલ્લામાં પ્રવેશદ્વારો પર વાહનોમાં થતી દારુની ગેરકાયદેસર હેરાફેરી રોકવાની કામગીરીમાં કાર્યરત હતા. તે સમયે એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવને ખાનગી રાહે બાતમી મળી હતી કે કલોલ તરફથી એક નિશાન કંપનીની ટેરેનો ગાડી નં. જી.જે.૦૧.પી.કે.-માં દેશી દારુનો જથ્થો ભરી શેરથા ટોલટેક્ષ અડાલજ થઈ અમદાવાદ તરફ જવાની છે. માહિતીને પગલે પોલીસ ટીમ અડાલજ ગરનાળા નજીક બાતમીવાળી ગાડીની વોચમાં હતી. તે સમયે કલોલ તરફથી ઉપરોકત બાતમીવાળી ગાડી આવતા એલસીબી ટીમે ખાનગી વાહનની આડશ કરી ગાડીને રોકી લીધી હતી. ત્યારબાદ ગાડીમાં તપાસ કરતા પ્લાસ્ટીકના કટ્ટા નંગ-૨૫, દેશીદારુ લીટર ૯૦૦, કિ.રૂ.૧૮ હજાર, મોબાઈલ નંગ-૧ કિં.૨ હજાર, ગાડી નં. જી. જે. ૦૧. પી.કે. ૫૬૩૬ કિં.રૂ.૩ લાખ મળી કુલ રૂ. ૩.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જયારે પોલીસે ૯૦૦ લીટર દેશીદારુ કબ્જે કરી ગાડીના ચાલક ગોવિંદ વિરાભાઈ પટ્ટણી (રહે.૧૨ મદ્રાસીના છાપરા સરલ એપાર્ટમેન્ટની બાજુમાં કેશવનગર, સાબરમતિ)સામે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● દહેગામ ન.પા. વિસ્તારમાં પ્લાસ્ટીકની બેગોનો ભરપુર ઉપયોગ થઈ રહ્યાની વાતને લઈ લોકોએ તંત્ર સામે શંકાની સોય તાકી છે.

● ગાંધીનગર શહેરમાં આજે હળવા વરસાદી ઝાપટા નોંધાયા હતા.

● અર્બુદા સેનાની પ્રદેશ કારોબારીની બેઠક આજે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સે. ૧૭ ખાતે મળી હતી.

● સે. ૨૩ ખાતે આવેલી જે.બી. પ્રા. શાળાના ભૂલકાઓએ ફૂલછડી મેકિંગ સ્પર્ધામાં ભાગ લઈ અને ગુરુપૂર્ણિમાની ઉજવણી કરી હતી.

● ઉગમણા સત્તાવીસ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા આજે સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ.

● ગાંધીનગર લાયન્સ કલબ અને લાયોનેસ કલબ તેમજ લીઓ કલબનો શપથવિધિ સમારોહ તાજેતરમાં યોજાઈ ગયો.

● સે. ૩-એ ખાતે આવેલી વન્ડર કિડ્ઝ પ્રી. સ્કૂલમાં ગ્રીન ડે ની ઉજવણી કરવામાં આવી હતી.

● કલોલની શેઠ કે.જી.એમ. ગર્લ્સ હાઈસ્કૂલમાં ઈકોકલબ દ્વારા શાળા પ્લાસ્ટીકમુક્ત બનાવવા તેમજ સ્વચ્છતાના વિષયોને લઈ ચર્ચાઓ યોજાઈ હતી.

● દહેગામ તાલુકાના સગદલપુર ગામે વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચોમાસા દરમ્યાન સર્જાતા અકસ્માત નિવારવા માટે સરપંચ અને તલાટીઓને સતર્ક રહેવાની સૂચના જિલ્લા પંચાયત દ્વારા આપવામાં આવી છે.

● મનપાના પૂર્વ કાઉન્સીલર સુરેશ મહેતાએ આજે અત્યંત સાદગીથી જન્મદિવસની ઉજવણી કરી હતી.

## ચિલોડા ગ્રામ પંચાયત દ્વારા ગુરૂપર્વ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ચિલોડા, તા. ૧૭

આપણા પર્યાવરણમાં થતું હવા, જળ, જમીન અને અવાજનું પ્રદૂષણ રોકવું અને આ પ્રદૂષણ દ્વારા પર્યાવરણને નુકસાન થતું રોકવા એક માત્ર વૃક્ષ વાવો-પર્યાવરણ બચાવો, વૃક્ષ વાવો વરસાદ લાવોના સુત્રને સાર્થક કરવા છોડમાં રણછોડ અને વૃક્ષમાં વાસુદેવના મર્મને જાણવા હવે વૃક્ષ એ જ જીવન અપનાવવા જીવનસુત્ર બનાવવાની માંગ પ્રવર્તી રહી છે. ત્યારે ચિલોડા ગ્રામ પંચાયત દ્વારા ગુરૂપૂર્ણિમાના પાવન અવસરે નવા સંકલ્પ સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં ગામના યુવા અગ્રણી જૈમીન પટેલ, નટુભાઈ પટેલ પત્રકાર તથા ગ્રામ પંચાયતના સભ્યો તથા પંચાયત સ્ટાફે લીમડાના ૨૦ અને ૨ વડના વૃક્ષોનું રોપણ કર્યુ હતુ. સાથો સાથ આ વૃક્ષોમાં વાવેતરના ઉછેર, માવજત અને રક્ષણ માટે ૨૦ ટીગાર્ડ લગાડી રક્ષિત કર્યા હતા. આ ૨૦ વૃક્ષોને નિયમિત રીતે ઉછેર, માવજત કરવાના સંકલ્પ સાથે સેવામાં સહભાગી બન્યા હતા.

## મહિલાને લગ્નના સપના દેખાડી નેતાએ છુટાછેડા લેવડાવ્યા

ગાંધીનગર, તા.૧૭

કલોલ વિસ્તારની એક મહિલાના લગ્ન વર્ષ ૨૦૦૮ માં સમાજના રીતી-રીવાજ મુજબ થયા હતા. મહિલાને સંતાનમાં બે દિકરી પણ હતી. ત્યારબાદ મહિલા છેલ્લા ૭ વર્ષથી બોરીસણા ગામના યુવક આગેવાનના સંપર્કમાં હતી અને ત્યારબાદ તેના પ્રેમમાં પડી હતી. તો બીજીતરફ આગેવાને મહિલાને વિશ્વાસમાં લઈને કહ્યું કે તું તારા પતિને છુટાછેડા આપી દે અને હું મારી પત્ની સાથે પણ છુટાછેડા લઈ લઉં.ત્યારબાદ તારી સાથે લગ્ન કરીને આપણે બંન્ને અલગ રહેવા માટે જતા રહીશું આવું અવાર-નવાર કહેતા હતા. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહિલા અને આગેવાન પ્રેમમાં હોવાથી અનેકવાર મળતા હતા. જેથી આ સંબંધોની જાણ મહિલાના પતિને થતા ઘર સંસાર ભાંગી પડ્યો હતો. જયારે મહિલાના પતિએ બે દિકરીઓ પોતાની પાસે રાખી તેને પિયર જવાનું કહી દીધુ હતું. તે સમયે મહિલાના પ્રેમી આગેવાને વકીલ દ્વારા કાગળો કરાવી મહિલાને ગાંધીનગર નારીગૃહ મોકલી આપી હતી. નારીગૃહમાં મહિલા રહેતી હતી તે સમય દરમિયાન જ આગેવાને મહિલાના પતિ સાથે છુટાછેડા પણ કરાવ્યા હતા. જયારે મહિલાને નારીગૃહમાંથી ખાનગી ફલેટમાં રહેવા જવાનું કહી કલોલ ખાતે લઈ આવ્યા હતા. કલોલ ખાતે આવેલા ફલેટમાં છેલ્લા બે માસથી આગેવાનની આવનજાવન વધી ગઈ હતી. જયારે તાજેતરમાં મહિલાએ આગેવાન પુરુષને તેની પત્ની સાથે છુટાછેડા લેવાની વાત કરતા તે ઉશ્કેરાઈ ગયો હતો. મહિલા સાથે ગાળાગાળી અને મારામારી કરીને આગેવાને બનાવની જાણ કોઈને કરીશ કે બીજા કોઈ જોડે જઈશ તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી નીકળી ગયો હતો.ત્યારબાદ ગત તા.૧૫ જુલાઈના રોજ મહિલાના પેટના ભાગે ઈજા પહોંચી હોવાથી સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. સારવાર બાદ સ્વસ્થ થતા મહિલા ઘરે જતી રહી હતી. ત્યારબાદ તેણીએ આગેવાન વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા કલોલ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## સેકટર-૧૪માં ઘર પાસે પાર્ક કરેલી ઈકોની ચોરી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સેકટર-૧૪ ખાતે ઘર આગળ ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલી ઈકો કારની ચોરી થઈ છે. મિત્રની ઈકો કાર લઈને કામ અર્થે ગયા હતા, ત્યારબાદ ઘર પાસે રાત્રીના સમયે ખુલ્લા પ્લોટમાં ગાડી પાર્ક કરી હતી. જયારે સવારે ઉઠીને જોયુ તો ઈકો દેખાઈ ન હતી. સેકટર-૧૪ માં ઘર પાસે પાર્ક કરેલી રૂ.૧.૫૦ લાખની ઈકો કારની ચોરી થતા ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૪ શિવશકિત સોસાયટી પ્લોટ નં. ૨૩૩-૨ ખાતે રહેતા યોગેન્દ્રસિંહ સુરેન્દ્રસિંહ ડાભી (ઉં.૩૬) ટ્રાન્સપોર્ટના વેપાર સાથે સંકળાયેલ છે. જયારે પેથાપુરનો વતની યોગેન્દ્રસિંહ સેકટર-૨૯ ખાતે આવેલ રંગવાલા ડેકોરેશન ખાતે ટ્રાન્સપોર્ટનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૧૫ જુલાઈના રોજ રાત્રીના આશરે આઠ વાગ્યાના સુમારે હુ તથા સેકટર-૨૯ બ્લોક નં.૨૫-૧૦૨ ટાઈપ ખાતે રહેતા મારા મિત્ર તારેશભાઈની સફેદ કલરની ઈકો કાર નં.જી.જે.૧૮.બી.ડી.-૫૯૩૩ યોગેન્દ્રસિંહ કામર્થે જઈ આવી મકાન સામે ખાલી પ્લોટમાં ગાડી પાર્ક કરી હતી. ત્યારપછી સવારે ઉઠીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર ગાડી દેખાઈ ન હતી. જેથી ઈકો અંગે પોતાના મિત્રને ફોન કરી પુછપરછ કરી હતી. ત્યારબાદ સેકટરમાં તપાસ કરી હતી. પરંતુ કોઈ માહિતી ઈકો કાર અંગે મળી ન હતી. સેકટર-૧૪ માંથી વર્ષ ૨૦૧૫ મોડલની અંદાજીત રૂ.૧.૫૦ લાખની કિમતની ગાડી ચોરાઈ જતા સેકટર-૨૧પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## સાદરા સંકુલમાં વર્ગખંડ શિક્ષણ સાથે સાથે ઉદ્યોગ તાલીમ દ્વારા જીવન ઘડતર કરાય છે



ચિલોડા, તા. ૧૭

ગૂજરાત વિદ્યાપીઠ-મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના બી.એ. એમ.એ. વિભાગના વિદ્યાર્થીઓને વર્ગખંડ શિક્ષણ સાથે સાથે ઉદ્યોગ તાલીમ આપી જીવન ઘડતર કરવાનું પાયાનું કામ થઈ રહ્યું છે. જેમાં સંકુલના સંયોજકની સતત પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ સવારના ૮ થી ૯ વાગ્યા સુધી દરરોજ ટૂકડી મુજબ અંબર ચરખા ઉપર કાંતણ કરી આંટી બનાવી તેમાંથી કાપડ વણાટ અને આસન બનાવવાનું કાર્ય વિદ્યાર્થી બહેનો કરી રહી છે. ઉદ્યોગની તાલીમ આપવાનું કાર્ય ઉદ્યોગનો કાર્યભાર સંભાળનાર ગોરધનભાઈ રાવળ કરી રહ્યા છે. ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક (વાઈસ ચાન્સેલર) ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીના માર્ગદર્શન હેઠળ ઉદ્યોગકાર્ય વ્યવસ્થાપન સુચારૂ રૂપે ચાલી રહ્યુ છે.

# શહેરના ઘ-૫ મધુર પાર્લરમાંથી રૂ. ૨૭ હજારની ચોરી

### તસ્કરો પાછળની જાળીનું તાળુ તોડી બારીમાંથી અંદર પ્રવેશી ચોરીને અંજામ આપ્યો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના ઘ-૫ વિસ્તારમાં આવેલા મધુર પાર્લરના તાળા તુટ્યા છે. પાર્લર પાછળની જાળીનુ તાળુ તોડી બારીમાંથી અંદર પ્રવેશી રૂ.૨૭હજારની રોકડ ચોરી કરીને લઈ ગયા છે. જો કે સીસીટીવી કેમેરાથી સજ્જ વિસ્તાર હોવા છતા તસ્કરોએ ચોરીને અંજામ આપી સિફતપૂર્વક જતા રહ્યા છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ છેલ્લા કેટલાક સમયથી નગરમાં વાહનચોરી અટકવાનું નામ લેતી નથી. પાટનગરમાંથી આંતરે દિવસે વાહનચોરીની ઘટના સામે આવે છે. પોલીસ પણ વાહનચોરને પકડવા માટે કમરકસી રહી છે. ત્યારે પાટનગરના હાર્દસમા ઘ-૫ વિસ્તારમાં મધુર પાર્લર પર તસ્કરોએ ત્રાટકીને રોકડા રૂ.૨૭ હજારની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. શહેરની મધુર ડેરી દ્વારા પાટનગરમાં મધુર પાર્લર ખોલવામાં આવ્યા છે. જેમાં ઘી, દુધ, દહી, છાશ, આઈશક્રીમ, મીઠાઈ, સહિતની ચીજવસ્તુનું વેચાણ થાય છે. ત્યારે આ પાર્લરનું સંચાલન કુલદીપસિંહ બિહોલા કરી રહ્યા છે.જયારે ઘ-૫ પાર્લર ખાતે ફરજ બજાવતા વૈભવ બિહોલાએ વહેલી સવારે ૬ વાગે ફોન કરી પાર્લરના તાળા તુટ્યાની જાણ સુપરવાઈઝર કુલદીપસિંહને કરતા તેઓ ત્તાત્કાલીક દોડી આવ્યા હતા. જયારે પાર્લર પર તપાસ કરતા જાણ થઈ કે ગઈકાલે રાત્રીના સમયે મધુર પાર્લરની પાછળની જાળીનું તાળુ તુટેલુ હતું.કાચની બારી ખોલી અંદર પ્રવેશી લોખંડના ડબ્બામાંથીરૂ.૨૭,૨૦૦ મત્તાની ચોરી કરી નાસી ગયા છે. જયારે બનાવની જાણ થતા સેકટર-૨૧ પોલીસ મથકનો સ્ટાફ દોડી આવ્યો હતો. પોલીસે આસપાસના સીસીટીવી ફુટેજ મેળવવા માટે તજવીજ હાથ ધરી હતી.

### સોશિયલ એક્ટિવિટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિએના પટેલનાં જન્મદિવસની ઉજવણી કરાઇ

સોશિયલ એક્ટિવિટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં અજયભાઈ પટેલ અને શ્રદ્ધાબેન પટેલની દિકરી ચિ. વિએના પટેલ નાં જન્મદિવસ નિમિત્તે બોરિજ ખાતે સરકારી પ્રાથમિક શાળાનાં બાળકોને ગરમા-ગરમ નાસ્તાની સેવા પૂરી પાડીને એક અનોખી રીતે જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાના સેક્રેટરી મિલાપ ટાટારિઆએ દરેક બાળકોને નિઃશુલ્ક સ્વ-રક્ષણની તાલીમ આપીને સેવા પૂરી પાડી હતી અને ખૂબજ સરળ રીતે પ્રેક્ટિકલી બતાવવામાં આવ્યું હતું સાથે સ્વ-રક્ષણ વિશે જાણકારી અને જરૂરી માર્ગદર્શન આપી તેમને જાગૃત કરવામાં આવ્યા હતાં તથા શાળાનાં આચાર્યએ વિએના પટેલને જન્મદિવસની અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.



વરસતા વરસાદમાં ગાંધીનગરના માર્ગો જોખમી બને છે. તેમાંય જાણે મોડી રાત્રે ટ્રાફિક વિનાના માર્ગો રેસ ટ્રેક હોય તેમ કેટલાક યુવાનો પોતાનુ બાઈક હંકારે છે અને અકસ્માત નોતરે છે. સેકટર-૫ સીએનજી પંપ નજીક ગઈકાલે મોડી રાત્રે બાઈક અને કાર વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. નજરે જોનારાઓનું કહેવુ છે કે બંને ગાડીઓની સ્પીડ વધારે હતી. આ અકસ્માતમાં બાઈકસવાર યુવાનને ગંભીર ઈજાઓ થઈ છે.

## સેકટર-૨૬ કિસાનનગરમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૭

શહેરના વાહનચોરીનું પ્રમાણ વ્યાપક વધી જવા પામ્યું છે. શહેરના ભીડભાડવાળા વિસ્તારમાંથી સમયાંતરે વાહનચોરી થતી રહે છે. શહેરના સેકટર-૨૬ કિસાનનગરના કોમન પ્લોટની અંદર પાર્ક કરેલા બાઈકની ચોરી થવા પામી છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૬ કિસાનનગર પ્લોટ નં. ૧૯૬-૨ ખાતે રહેતા ૩૧ વર્ષિય રવિભાઈ સુરેશભાઈ પટેલ વિજાપુર ખાતે દેવ મેટાકાસ્ટ કંપનીમાં માર્કેટીંગ મેનેજર તરીકે એક વર્ષથી નોકરી કરે છે. જયારે રવિના પિતાના નામે ડિસ્કવર બાઈક નં. જી.જે.૧૮.એ.કે.૭૮૮૩ છે. જેનો ઉપયોગ હું મારા કામ માટે કરવામાં આવે છે. ગત તા.૧૫ જુલાઈના રોજ રાત્રીના સાડા સાત વાગ્યાના સુમારે બાઈક ઘરની બહાર આવેલા કોમન પ્લોટમાં પાર્ક કર્યું હતું. ત્યારબાદ આશરે સવારના ૬ વાગ્યાના અરસામાં જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું.જેથી આસપાસના વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી.

પરંતુ બાઈકનો અત્તોપત્તો લાગ્યો ન હતો. ત્યારે ફરીયાદીનું વર્ષ ૨૦૧૦ ના મોડલનું બાઈક કોઈ અજાણ્યો ચોર ચોરી કરી જતા રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## સેકટર-૨૬ ગ્રીનસીટી વસાહતીઓનો ટ્રાફિકની સમસ્યા મુદ્દે હોબાળો

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ડી માર્ટ ખાતે ખરીદી માટે નાગરીકોની ભારે અવરજવર રહે છે. ત્યારે ડી માર્ટમાં આવતા નગરજનો પોતાની ગાડીઓ સોસાયટીમાં પાર્ક કરીને જતા રહેતા હોવાનો આક્ષેપ સ્થાનિક નાગરીકોએ કર્યો છે. રવિવારના રોજ ગ્રીનસીટીના વસાહતીઓએ ડી માર્ટ ગેટ પાસેનો સોસાયટીનો રસ્સો બંધ કરી દીધો હતો. જયારે ટ્રાફિક મુદ્દે પોલીસને પણ બોલાવવામાં આવી હતી, ત્યારબાદ સમગ્ર મામલો થાળે પડ્યો હતો.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૨૬ સ્થિત ગ્રીનસીટી વસાહતીઓને છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિકનો પ્રશ્ન સતાવી રહ્યો છે. સોસાયટીના આવન-જાવન માટેના રસ્તા પર ગાડીઓનો ખડકલો જોવા મળે છે. ડી માર્ટમાં ખરીદી કરવા માટે નગરજનો મોટીસંખ્યામાં આવતા ટ્રાફિકનો પ્રશ્ન વસાહતીઓને સતાવી રહ્યો છે.

તો બીજીતરફ ડી માર્ટમાં આવેલા નાગરીકો પોતના વાહનો સોસાયટીમાં પાર્ક કરતા હોવાથી સ્થાનિક નાગરીકોને ભારે પરેશાન ભોગવવી પડે છે.

કલાકો સુધી ઘર પાસે ગાડીઓ પડી રહેતી હોવાથી પોતાના વાહનો પણ કયાંથી કાઢવા તે પ્રશ્ન ગ્રીનસીટીના નાગરીકોને સતાવી રહ્યો છે. આજે કેટલાક વસાહતીઓએ ડી માર્ટમાં પ્રવેશવાના ગેટ પાસે આવેલો સોસાયટીનો રસ્તો બંધ કરી દીધો હતો અને હોબાળો મચાવ્યો હતો.

ટ્રાફિક મુદ્દે હોબાળો થતા પોલીસ પણ આવી પહોંચી હતી. જયારે થોડીવાર માટે સોસાયટીનો રસ્તો બંધ કરી ફરીવાર કાર્યરત કરી દીધો હતો. જયારે પોલીસે વસાહતીઓને સમજાવી મામલો થાળે પાડ્યો હતો.

## સે. ૨૨માં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ માટેની મેગા ઈવેન્ટ યોજાઈ મોટી સંખ્યામાં નગરજનોને જ્ઞાન સાથે ગમ્મતનો લાભ મળ્યો

ગાંધીનગર,તા.૧૭

આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકા અને બાયો ફિક્સ પ્રાઈવેટ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે સેક્ટર ૨૨ રંગમંચ ખાતે ફીટ્સ ઓન સ્ટ્રીટ અ ગ્રીન કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી જસવંતભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી ડોક્ટર ધવલ પટેલ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી કેયુર જેઠવા તેમજ સ્થાનિક મ્યુનિસિપલ કાઉન્સિલરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ફીટસ ઓન સ્ટ્રીટ ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અને સસ્ટેનેબલ લાઈફ સ્ટાઈલ અંગે જનજાગૃતિ માટેની અત્યાર સુધીની સૌથી મોટી ઈવેન્ટ બનેલ છે જેમાં ૫૦૦૦થી વધુ નાગરિકોએ ભાગ લીધો હતો.

આ ઈવેન્ટ નો ઉદ્દેશ્ય learn,play and enjoઅના માધ્યમથી સસ્ટેનેબલ લાઈફ સ્ટાઈલને અપનાવવા માટે જાગૃતિ લાવવાનો હતો. આ ઈવેન્ટમાં નુક્કડ નાટક અને રમતગમતના માધ્યમથી કચરાના સેગ્રીગેશન તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિકના વપરાશને ટાળવા અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્ટાર્ટઅપ્સ અને સોશિયલ એન્ટરપ્રાઇઝીસને આ ઈવેન્ટ દ્વારા પોતાના ઉત્પાદનો અને સેવાઓ લોકો સુધી પહોંચાડવા માટે મંચ પૂરું પાડવામાં આવ્યું હતું. જેમાં બાયોફિક્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા વેસ્ટ કમ્પોસ્ટિંગ મશીન, મીની બાયોગેસ મશીન, બાયો ફર્ટિલાઈઝર અને બાયોએન્જાઈનનું નિદર્શન કરવામાં આવ્યું. રીકો સોલ્યુશન દ્વારા પ્લાસ્ટિક વેસ્ટમાંથી બનાવેલ વિવિધ ઉપયોગી ઉત્પાદનો જેવા કે કુંડા,ઘડિયાળ,બેંચ વગેરે પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

બાયો પોટ સંસ્થા દ્વારા ગાયના છાણ તથા સુકાયેલા ઘાસમાંથી એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી કુંડાઓ તૈયાર કરવામાં આવ્યા હતા. જેનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ગ્રીન ટેન્સ સંસ્થા દ્વારા વાંસમાંથી બનાવેલ ટુથ બ્રશ, ઈયર બર્ડ, કોમ્બ વગેરે ઉત્પાદનો દ્વારા પ્લાસ્ટિકનો વિકલ્પ પૂરો પાડવામાં આવ્યો. ઉપરાંત ફાઉન્ડેશન"દ્વારા પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ઘટાડવાના હેતુથી જુના વાડજ ની રેગ પિકર્સ બહેનોના સહયોગથી કપડાની થેલીઓ બનાવી આ મહિલાઓને આજીવિકા પૂરી પાડી એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. સેનેટરી પેડ્સ દ્વારા પર્યાવરણને થતા નુકસાનને અટકાવવા માટે યુનિપેડ્સ દ્વારા સ્થાનિક મહિલાઓના સહયોગથી ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવા કપડાના સેનેટરી પેડ્સ બનાવવામાં આવ્યા હતા. જેનું આ ઈવેન્ટમાં પ્રદર્શન કરવામાં આવ્યું.

## વિશ્વ વસતિ સપ્તાહ કાર્યક્રમનું સમાપન કરાયું

ચિલોડા, તા. ૧૭

ગૂજરાત વિદ્યાપીઠ-મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરામાં શિક્ષણ કાર્યની સાથે વિસ્તરણ શિક્ષણ કાર્યનું વિશેષ મહત્વ આપનાર સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના ૩૭ વર્ષના અનુભવ થકી સંકુલમાં વિશ્વ વસતિ સપ્તાહ યોજવામાં આવ્યું હતું, જેનું સમાપન વિવિધ પ્રવૃત્તિઓ સભર કરાયુ. જેમાં વિદ્યાર્થી યુવક-



યુવતીઓને પ્રથમ દિવસે વસતિ શિક્ષણની તાલીમ પ્રા. રમેશભાઈ મ. પટેલ દ્વારા અપાઈ. ત્યારબાદના દિવસોમાં વાર્તાલાપ જેવા કે વસતિ શિક્ષણ અર્થ, વસતિ વધારો, વસતિ વધારાનું સ્વરૂપ તેની અસરો અને અટકાવવાના ઉપાયો, વસતિ વધારો અને ગરીબાઈનાં ગીતોનો વાર્તાલાપ તજજ્ઞ પ્રાધ્યાપકો ડૉ. દિવ્યેશ ભટ્ટ, બળદેવ મોરી, રાણા વાઘેલા દ્વારા કરાયા. આ વિશ્વ વસતિ સપ્તાહમાં વિદ્યાર્થી યુવક-યુવતીઓ માટે જુદી જુદી સ્પર્ધાઓ જેવી કે વક્તૃત્વ સ્પર્ધા, સૂત્ર રચના સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા અને પોષ્ટર મેઈકીંગ સ્પર્ધાનો સમાવેશ થાય છે. સંકુલના કુલ ૨૩૦ વિદ્યાર્થીઓમાંથી ૧૪૧ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાના વિચારો રજૂ કર્યા. એક હાથે તાળી ના પડે. બે હાથની જરૂર પડે. તેમ આ વિશ્વ વસતિ સપ્તાહના વિવિધ અનેક કાર્યક્રમોમાં અનેક સેવકોની જરૂર પડી. રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવું અને ડૉ. દિવ્યેશ ભટ્ટના આયોજન મુજબે સાત દિવસમાં સ્પર્ધાઓનાં મૂલ્યાંકન કાર્યમાં ડૉ. રાજેન્દ્ર જોષી, ડૉ. ધ્વનિલ પારેખ, ડૉ. વિક્રમસિંહ અમરાવત, ડૉ. બળદેવ મોરી, ડૉ. ગાયત્રીદત્ત મહેતા, ડૉ. અતુલકુમાર પરમાર, વિશાલ માંગરોલીયા, કિશન પંચાલ અને જતીન સોલંકી મદદરૂપ થયા.